1. સ્થળવર્ણન નકશાની વ્યાખ્યા લખો.

- નાના ભૌગોલિક વિસ્તાર ઉપર પ્રાકૃતિક તત્ત્વો (પર્વતો, નદીઓ, મેદાનો, જળાશયો વગેરે) તથા સાંસ્કૃતિક તત્ત્વો વસાહતો, વસ્તી, કૃષિ, બંધયોજનાનો, શહેરી , પરિવહન માગ વગેરે)ની માહિતી રૂઢ સંજ્ઞાઓ દ્વારા આલેખન કરવામાં આવે છે, તેને સ્થળવર્ણનના નકશા કહે છે. ટૂંકમાં, સ્થળવર્ણનના નકશામાં જે-તે સ્થળની સંપૂર્ણ માહિતી ચોકસાઈપૂર્વકનો સર્વેક્ષણ દ્વારા રજૂ કરવામાં આવે છે.

2. સ્થળવર્ણન નકશાનો 'સૂચઆંક' એટલે શું?

- પ્રદેશોની વધુ વિગતો વધુ ચોકસાઈપૂર્વક બતાવી શકાય તે હેતુથી પ્રત્યેક ડિગ્રી નકશાના વધુ 16 પેટાવિભાગ પાડવામાં આવે છે. પ્રત્યેક નકશાનો વ્યાપ 15' (મિનિટ) અક્ષાંશથી 15' (મિનિટ) રેખાંશ હોય છે. પ્રત્યેક ડિગ્રી શીટ નકશાના A ના 16, B ના 16, Cના 16 એ રીતે આગળ પ્રમાણે ગણતરી કુલ 256 નકશો તૈયાર થાય છે. ને કશાને આ પદ્ધતિ પ્રમાણે આપવામાં આવેલા નકશાનો સૂચક આંક (સૂચકાંક – Index Number) કહે છે.

3. સ્થળવર્ણન નકશામાં સાંસ્કૃતિક તત્વોમાં કઈ કઈ વિગતોનો સમાવેશ થાય છે ?

- સ્થળવર્ણનના નકશામાં સાંસ્કૃતિક તત્ત્વોમાં - વસાહતો, વસ્તી, કૃષિ, બંધયોજનામો, શહેરો, ગામડાંઓ, નગરો, પરિવહન માર્ગ વગેરે વિગતોનો સમાવેશ થાય છે.

4. સ્થળવર્ણન નકશામાં પ્રાકૃતિક તત્ત્વો એટલે શું?

- સ્થળવર્ણન નકશામાં પ્રાકૃતિક તત્ત્વોના સંદર્ભમાં પર્વતો, નદીઓ, મેદાનો, ઉચ્ચપ્રદેશો, જંગલો, જળાશય વગેરે દર્શાવવામાં આવે છે.

5. સ્થળવર્ણન નકશા-નિમણકાર્યના દ્વિતીય તબક્કાની સમજ આપો.

- સ્થળ વર્ણન નકશા નિમણિ કાર્યના દ્વિતીય તબક્કામાં પ્રત્યેક ક્રમાંક ના વધુ 16 વિભાગો કરવામાં આવે છે. આ પેટાવિભાગનો વ્યાપ 1° અક્ષાંશ x 1 રેખાંશ રાખવામાં આવે છે. આ પ્રત્યેક પેટાવિભાગનું અંગ્રેજી મૂળાક્ષર છ થી મે સુધીનું નામાંકન કરવામાં આવે છે. અક્ષરો લખવાનો કે ઉત્તરથી દક્ષિણ છે. અહીં 1° ડીગ્રી જેટલો વિસ્તાર સમાવવામાં આવે છે. તેથી તેને ડિગ્રી શીટ (Degree Slieet) કહે છે.